# શહેરના માર્ગો પર ૮૧ નવા સ્માર્ટ પીક અપ બસ સ્ટેન્ડ બનશે

**દાયકાઓ જુના બસ સ્ટેન્ડના બદલે નવા બસ સ્ટોપ મુસાફરો માટે સુવિધાયુક્ત બની રહેશે : બસ સેવા અંગેની માહીતી પુરી પાડતી સ્ક્રીન પણ મુકાશે**




ગાંધીનગર તા ૧૫

શહેરમાં બસ સ્ટેન્ડને વિકસાવવા માટે કોર્પોરેશન દ્વારા થોડા સમય અગાઉ સર્વે હાથ ધરાયો હતો. જયારે આ સર્વેના અંતે કોર્પોરેશને નગરના વિવિધ માર્ગો પર સ્થિત પીક અપ બસ સ્ટેન્ડને સ્માર્ટ બનાવવા માટે નિર્ણય લીધો છે. શહેરના વિવિધ માર્ગો પરના ૮૧ જેટલા બસ સ્ટેન્ડને સ્માર્ટ બનાવવા માટે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ વિવિધ નવા કામોને મંજુરી આપવામાં આવી છે. સ્માર્ટ સીટી અન્વયે કરોડો રૂપિયાના ખર્ચે નવા વિકાસ કામોને પણ અંજામ આપવામાં આવશે. નગરનુ એસ ટી ડેપો હજુ કંગાળ હાલતમાં છે. પરંતુ નગરના પીક બસ સ્ટોપને નવા બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. નવા બસ સ્ટેન્ડના નિર્માણ માટે કોર્પોરેશન દ્વારા સર્વે પણ હાથ ધરાયો હતો. જેના અંતે કોર્પોરેશનના તંત્ર દ્વારા શહેરના વિવિધ માર્ગો પર ૮૧ જેટલા બસ સ્ટોપનુ કામ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો છે. હાલ નગરના મુખ્યમાર્ગો પર ધારાસભ્ય તેમજ સાંસદની ગ્રાન્ટમાંથી અગાઉ પીક અપ સ્ટેન્ડ નવા બનાવાયા હતા. જયારે આ બસ સ્ટેન્ડમાં એલ ઈ ડી સ્ક્રીન પણ મુકવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રવિ સીઝનની ૭૦ ટકાથી વધુ વાવણી

**બટાટાનું વાવેતર આ વર્ષે વધશે : વાવેતર વિસ્તાર પણ હવામાન અનુકૂળ હોવાથી વધવાના સ્પષ્ટ સંકેત**



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૭૦ ટકાથી વધુ વિસ્તારમાં સંપન્ન થઈ જવા પામી છે. ઠંડીના ચમકારાની સાથે જિલ્લામાં વાવણીની કામગીરીમાં પણ વેગ આવ્યો છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ રવિ સીઝનની વાવણી ૭૦ હજાર હેક્ટરમાં થતી હોય છે. આ સરેરાશ વાવણીની સામે અત્યાર સુધીમાં ૫૨ હજાર હેક્ટરમાં વાવણી સંપન્ન થઈ ગઈ છે.

જિલ્લામાં શાકભાજીનો રાજા ગણાતા બટાટાની ખેતી આ વખતે પણ નવો વિક્રમ સર્જે તેવા સંકેતો મળી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવણી બટાટાની જોઈએ તો ૮૩૫૦ હેક્ટર જેટલી રહી છે અને આજ સુધીમાં ૮૨૧૫ હેક્ટરમાં વાવણી સંપન્ન થઈ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં આ વખતે વાવણીલાયક વિસ્તાર વધે તેમ પણ મનાઈ રહ્યુ છે. બટાટાની ખેતીમાં પણ વાવણીનો વિસ્તાર વધી શકે છે. આ વખતે કોન્ટ્રેક્ટ ફાર્મિંગ આ પાકમાં વધારે જોવા મળી રહ્યુ છે બીજુ અત્યારે બટાટાના બજારભાવ પણ સારા હોવાથી ખેડૂતોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રોકડિયા પાક તરીકે

● અનુસંધાન પાન-૭ પર

# "નલ સે જલ" યોજનાની કામગીરી ૩૧મી સુધીમાં પૂર્ણ કરવા તાકીદ

**હજુ જિલ્લામાં ૨૯ ગામના ૬૩૯ જેટલા પરિવારોને આ યોજનામાં સાંકળવાના બાકી**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં "નલ સે જલ" યોજનાની બાકીની કામગીરી ૩૧મી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા અને કામગીરી પૂરી થઈ ગઈ છે તેવા પ્રમાણપત્ર સાથેનો અહેવાલ રજુ કરવા જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ચારેય ડીડીઓને તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૯ ગામના ૬૩૯ જેટલા પરિવારોને આ યોજનામાં સાંકળવાના બાકી હતા. એક તબક્કે ૨જી ઓક્ટો.ના રોજ પ્રધાનમંત્રી મોદીની ઉપસ્થિતિમાં જિલ્લાને આ યોજનાની અમલવારીમાં પ્રથમ જિલ્લા તરીકે ઘોષિત કરવાની દિશામાં કામગીરી હાથ પર લેવામાં આવી હતી.

આ પછી તેમાં પાણી પુરવઠા બોર્ડ અને જિલ્લાતંત્ર વચ્ચે માર્ગદર્શન અને સંકલનના અભાવે કામગીરી ઓટવાઈ ગઈ હતી. નવેમ્બરમાં પુનઃ આ કામગીરી હાથ ધરાઈ હતી.

જિલ્લાના બે તાલુકામાં આ કામગીરી લગભગ પૂરી થઈ ગઈ છે જ્યારે બે તાલુકામાં હજુ અંશતઃ કામગીરી બાકી છે. જિલ્લા વિકાસ અધિકારીએ તાજેતરમાં આ અંગે સમીક્ષા કરી હતી અને સમીક્ષા બેઠકમાં ૩૧મી ડિસે. ૨૦૧૯ સુધીમાં આ કામગીરી પુરી થાય તે જોવા તેમણે કડક તાકીદ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ભારત સરકારને આ અંગેની દરખાસ્ત રજુ કરવા માટેનુ મન તંત્રએ બનાવી લીધુ છે અને પૂરઝડપે આ કામગીરી ચાલી રહી છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે દરખાસ્તનું આખુ ફોર્મેટ પણ તૈયાર કરી દેવાયુ છે. તાલુકા વિકાસ અધિકારીઓના પ્રમાણપત્રો સાથે આખી દરખાસ્ત ભારત સરકારને મોકલવામાં આવશે.

આ પ્રોજેક્ટ માટે જિલ્લાની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી પાણી પુરવઠા બોર્ડ અને વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ માટે બે વાર સર્વેની કામગીરી પણ કરવામાં આવી હતી અને કામગીરી હવે તેના અંતિમ તબક્કામાં છે. જાન્યુઆરીની ૨૬મીએ જિલ્લાની વિધિવત્ ઘોષણા થશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

# શહેરમાં સતત ત્રીજા દિવસે પારો ગગડ્યો

**નલીયા, ડીસા, કંડલા એરપોર્ટ બાદ ચોથા નંબરે ગાંધીનગર રાજ્યનુ કોલ્ડેસ્ટ સીટી બન્યુ : પારો ૧૨.૫ ડિ.સે. સુધી ગગડ્યો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે પારો ગગડ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. સુધી ગગડતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. મહત્તમ તાપમાનમાં પણ ગીરાવટ જોવા મળી હતી.

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ જ શહેરમાં તાપમાન સતત ગગડી રહ્યું છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એકથી ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન હજુ ચાર દિવસ પહેલા ૧૬ ડિગ્રી હતુ જે રવિવારે ઘટીને ૧૨.૫ ડિ.સે. પહોંચી ગયુ છે. જ્યારે મહત્તમ તાપમાનમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૨૬ ડિ.સે. પહોંચ્યુ હતુ. વહેલી સવારે અને સાંજે ઠંડો પવન ખૂબ હોય છે. જના કારણે ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બનતુ જાય છે. પવન અને ઠંડીના કારણે વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. રવિવાર હોવાથી વસાહતીઓએ દિવસ દરમ્યાન જ બહારનુ કામ પતાવ્યુ હતુ. સાંજ પડતા જ વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. ગરમ વસ્ત્રોના બજારમાં જબરજસ્ત તેજી આવી ગઈ છે. હવામાન વિભાગે હજુ ઠંડી વધશે એવી આગાહી કરી છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી ૯.૪ ડિ.સે. સાથે નલીયામાં રહી હતી તે પછી બીજા ક્રમે ૧૧.૨ ડિ.સે. સાથે ડીસા, ૧૨.૩ ડિ.સે. સાથે કંડલા એરપોર્ટ અને ૧૨.૫ ડિ.સે. સાથે ગાંધીનગર શહેર રાજ્યનુ ચોથુ સૌથી કોલ્ડેસ્ટ સીટી બની રહ્યુ હતુ. જ્યારે ભેજનુ પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૫૬ ટકા રહ્યુ હતુ.

# આશ્રમ ચોકડીથી મહુડી માર્ગનુ ૯ કરોડના ખર્ચે વાઈડનીંગ કરાશે

**પેથાપુર મહુડી માર્ગના રીસરફેસ માટે પણ નાગરિકોની માંગ હજુ સુધી દરખાસ્ત વિભાગમાં અટવાયેલી છે**

ગાંધીનગર તા ૧૫

પેથાપુર મહુડી માર્ગનુ સરફેસીંગ કરવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. જો કે આ સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ આ રૂટમાં અશ્રમ ચોકડીથી મહુડી સુધીના માર્ગને ૭.૫૦ મીટરમાંથી વધુ એક મીટર પહોળો કરવા માટેના કામને મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

પેથાપુર મહુડી માર્ગ પ્રવાસન પથ તરીકે ઓળખાય છે જયારે મહુડીના પ્રસિધ્ધ યાત્રાધામના લીધે આ રૂટમાં વાહનોનો ટ્રાફિક પણ વિશેષ રહે છે. જેને અનુલક્ષી કેટલાક વર્ષો પુર્વે આ માર્ગને ફોરલેન કરવામાં આવ્યો હતો. જયારે હાલ નિયત સમયના અંતે આ માર્ગની સરફેસ ખરબચડી થઈ ગઈ છે. જેથી આ રૂટમાં માર્ગના સરફેસનુ કામ હાથ

● અનુસંધાન પાન-૭ પર

# બરોડાના કિર્તિ મંદિરમાં રજવાડી સમયની ભવ્યતા અને વૈભવ દર્શાવતુ ચિત્ર પ્રદર્શન

**ગોંડલ ભુવનેશ્વરી શકિત પીઠના ડો રવિદર્શને ઇતિહાસના વિસરાઇ ગયેલા પાત્રો ચિત્રોમાં કંડાર્યા**




ગાંધીનગર તા ૧૫

બરોડાના કર્તિમંદિર ખાતે ભુવનેશ્વરી પીઠના અધ્યક્ષ રવિદર્શનના ચિત્રોનુ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. આ અદભુત ચિત્ર પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે રાજમાતા શુભાંગનાદેવી ચાન્સેલર એમ એસ યુનિવર્સિટી રાધિકા રાજે જસદણ મહારાજા સત્યજીતસિંહજી ખાચર, ભુવનેશ્વરી પીઠના આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજ ગાંધીનગરના અગ્રણી અરૂણ બુચ સહીત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રજવાડી સમયની ભવ્યતા અને વૈભવ દર્શાવતા ચિત્રોનુ એક્ઝિબિશન યોજવામાં આવ્યુ હતુ. તા ૧૪ ડિસેમ્બરથી શરૂ થયેલા આ ભવ્ય ચિત્ર પ્રદર્શનને નિહાળવા માટે મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવ્યા હતા. આજે પ્રદર્શનના અંતિમ દિવસે પણ મુલાકાતીઓની ભીડ રહેશે. ગોંડલની ભુવનેશ્વરી પીઠ મંદિરના અધ્યક્ષ રવિદર્શને કલાત્મક અંદાજમાં તૈયાર કરેલા ચિત્રોના આ પ્રદર્શન નિહાળી મુલાકાતીઓ દંગ રહી ગયા હતા. આ ચિત્ર પ્રદર્શન વિશે માહીતી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કામગીરીને સુધારાત્મક બનાવવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને કેન્દ્ર તથા રાજ્ય સરકાર પુરસ્કૃત યોજનાઓના અસરકારક અમલીકરણ માટે તેમજ સ્વચ્છતા મિશનની કામગીરીમાં પરિણાત્મક સુધારો આવે તે માટે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે કડક તાકીદ કરી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ગ્રામીણ વિકાસ સહિત યોજનાઓની અમલવારી કરવામાં આવે છે. ખાસ કરીને મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, વૉટરશેડના કામો સહિતની યોજનાઓનું અમલીકરણ કરે છે. ઘણી બધી બાબતોમાં જિલ્લાની કામગીરી નબળી જણાઈ છે.

સ્વચ્છતા મિશન તેમજ લેફ્ટ આઉટ બેનીફીશરીઝને ટોઈલેટની સુવિધાથી સાંકળવાની કામગીરી નબળી દેખાઈ છે. આથી જિલ્લા વિકાસ અધિકારી રાવલ કે જેઓ હોદ્દાની રૂએ આ એજન્સીના ચેરમેન પણ છે તેમણે નિયામકને કામગીરી પરિણામલક્ષી સુધારાત્મક બનાવવા તાકીદ કરી છે.

વૃંદાવન ગ્રામ, અંત્યોદય મિશન સખી મંડળોની રચના અને તેમના ગ્રેડીંગ સહિતની કામગીરી પણ અસરકારક બને તે જોવા જણાવ્યુ છે. ગ્રામ વિકાસ એજન્સી સાંસદ આદર્શ ગ્રામ યોજનાની અમલવારીમાં નોડલ એજન્સી હોવાથી તે કામોમાં ગતિ આવે તેના પર પણ ડીડીઓએ ભાર મુક્યો છે.

સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં ૧૦૦ થી વધુ કામો હજુ સુધી શરૂ થયા નથી અથવા પ્રગતિમાં છે તેવી તાજેતરમાં સમીક્ષા બેઠકમાં જણાવાયુ હતુ.જિલ્લા વિકાસ અધિકારી રાવલે તાજેતરમાં તમામ યોજના કોર્ડીનેટર્સ અને નિયામકની એક સંયુક્ત બેઠક પણ યોજી હતી જેમાં હજુ ત્રણ મહિના જેટલો સમય બાકી છે ત્યારે આયોજનબદ્ધ રીતે લક્ષ્યાંક સિદ્ધિ થાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે રોજેરોજ મોનીટરીંગ અમલવારીને લઈ કરવામાં આવે તેવી ટકોર પણ એજન્સીના ઈન્ચાર્જ નિયામકને કરી હતી.


**મતદારયાદીની સુધારણા–૨૦૨૦**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૦ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક**

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી કયાં જોવા મળશે ?**

**તા.૧૬–૧૨–૨૦૧૯ થી તા.૧૫–૦૧–૨૦૨૦ સુધી મતદારયાદીનો મુસદ્દો,**

- કલેકટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- પ્રાંત અધિકારી/મામલતદારની કચેરી
- મ્યુનિસિપાલિટીની કચેરી

ખાતે રાખવામાં આવેલ છે, જયાં આપના નામ, ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશો. આપ ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in અને www.ceo.gujarat.gov.in પર પણ આપના નામની ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન "Voter Helpline" ડાઉનલોડ કરી તેમાં આપની વિગતની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૦૧–૦૧–૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના–૭** માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા **નમૂના–૮** માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના–૮(ક)** માં અરજી કરવી.

- ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
- ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.
- આ ઉપરાંત રાજયના CSC તથા eGVGS(e-Gram Vishwagram Society) સેન્ટરો ખાતે પણ ઓનલાઈન અરજી નિયત નજીવી ફી ભરીને કરી શકશો.

**તા.૨૨–૧૨–૨૦૧૯(રવિવાર), તા.૫–૦૧–૨૦૨૦(રવિવાર) અને તા.૧૨–૦૧–૨૦૨૦(રવિવાર)**ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ **સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦** કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ ઉપરોકત દિવસોએ પરત આપી શકશો.

**હવે SMS ધ્વારા પણ વિગતો ચકાસી શકાશે**

આપના મોબાઈલથી ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૧૯૫૦ નંબર પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજના સમય દરમ્યાન) સંપર્ક કરો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારા–૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે**

**અરજી કરવાની તારીખ : ૧૬–૧૨–૨૦૧૯ થી તા.૧૫–૦૧–૨૦૨૦ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત** માહિતી/૧૭૮૮/૧૯-૨૦



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com